PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/કવા–૦૩/૧૬–૧૭/ 2926 તા. 14/03/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હરેશભાઈ ભગવાનજીભાઈ ખેર,
બાગ દરવાજા,
ખારા પ્લોટ
માણાવદર
મો: ૯૮૯૮૩૯૫૦૧૦

**વિષય :–મીટર ધીમાપણા ના પુરવણીબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૭/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-4..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ર જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં–૧,માણાવદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૭/ક્વા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૪–૧૨–૧૬ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: હરેશભાઈ ભગવાનજીભાઈ ગોર,ગામ: માણાવદર,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં–૧,માણાવદર (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ)**

**રજુઆત કરનાર :પી.પી.વોરા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : મીટર ધીમાપણા ના પુરવણીબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેમના ઓર્ધોગીક વીજજોડાણ નં.:૩૫૫૦૧/૦૦૦૯૬/૨ (૩૪.૫ કીવો) આઈસ ફેકટરી હેતુ વાળા જોડાણ મા પીજીવીસીએલ તરફથી, જોડાણ ના મીટર ને તા.૨૭–૦૯–૧૬ ના રોજ લેબોરેટરી ચેકીંગ સંપન્ન કરીને, મીટર ને ૩૩% ધીમુ ફરતુ હોવાનુ જાહેર કરીને, મીટર ધીમાપણા ની રકમ રૂ.૧,૯૭,૯૧૯/૬૩ નુ જે ૧૧ માસ ની ગણતરી હેઠળ નુ પુરવણીબીલ અપાયેલ છે, તે પુરવણીબીલ ને, મીટર ની ગુણવતાયુકત તાંત્રીક ચકાસણી અન્વયે ના ધારાધોરણ હેઠળ મુલવી, અને જીઈઆરસી ની માર્ગદર્શીકા મુજબ, નિયમાધીન યોગ્ય કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફરીયાદી અરજદાર શ્રી, જણાવે છે કે, નામદાર જીઈઆરસી ની માર્ગદર્શીકા અન્વયે ના ધારાધોરણ ને આનુષાંગીક રહી અને, ખાસ કરીને, ઓર્ધોગીક / વાણીજયક પ્રકાર ના ગ્રાહકો ના સ્થાપન પર રહેલ શ્રી ફેઇઝ મીટર ની ચકાસણી, વિજવિતરણ કંપની તરફથી નિયમીતપણે, પ્રત્યેક ૦૬ માસ ના સમયગાળા મા કરવાની બાબત નુ ધોરણ છે. પરંતુ, જીઈઆરસી ની સદર માર્ગદર્શીકા અન્વયે ના પીજીવીસીએલ ના નિયમ મુજબ, તેઓ શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ ( જે મીટર પીજીવીસીએલ તરફથી ધીમુ ફરતુ જાહેર કરેલ છે, તે મીટર) મીટર, જે અગાઉ સ્થાપન પર તા.૩૦–૦૫–૧૧ થી લગાડવામા આવેલ એવા સદર મીટર ની ચકાસણી, જે તા.૩૦–૦૫–૧૧ પછી ના, પ્રત્યેક ૦૬ માસ દરમ્યાન કરવાને બદલે, દીર્ઘકાલીન વર્ષો ના સમયગાળા બાદ જ, તેઓ શ્રી ના સ્થાપન પર ના સવાલવાળા જુના મીટર ની ચકાસણી કરવામા આવેલ છે. |
| ૧.૩ | ઉપરોકત મુદદા નં. ૧.૧ અને ૧.૨ બાબતે વિસ્તૃત રજુઆત કરતા, ફરીયાદી અરજદાર શ્રી જણાવે છે કે, તેઓ શ્રી ના જોડાણ નુ સવાલવાળુ મીટર, જે પીજીવીસીએલ તરફથી ૩૩% ધીમુ ફરતુ હોવાનુ જાહેર કરેલ છે, તે મીટર ની સ્થળ ચકાસણી સમયે ની ચેકીંગ શીટ, તેમજ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા, ૩૩% ધીમા પણા ની ગણતરીની કોઈ વિગતો દર્શાવેલ નથી. |
| ૧.૪ | નામદાર જીઈઆરસી ની માર્ગદર્શીકા અન્વયે ના ધારાધોરણ ને આનુષાંગીક રહી અને, વીજકંપની તરફથી, મીટર ધીમાપણા ના પુરવણીબીલો ની ગણતરી વધુમા વધુ ૦૬ માસ સુધી ની જ કરવાની જોગવાઈ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના જોડાણ ના સવાલવાળા મીટર ના, (૧) ધીમાપણા નુ વીજબીલ, જે માહે નવેમ્બર –૧૫ થી માહે જુલાઈ–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે અપાયેલ છે. તેમજ, (૨) માહે ઓગષ્ટ–૧૬ ના, તા.૦૧–૦૮–૧૬ થી તા.૧૯–૦૮–૧૬ ના સમયગાળા માટે, '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' હેઠળ ની સરેરાશ મુજબ નુ બીલ અપાયેલ છે. આમ, તેઓ શ્રી ના જોડાણ મા અપાયેલ સવાલવાળુ પુરવણીબીલ, જે મીટર ધીમાપણા તેમજ ક્ષતિગ્રસ્ત મીટર, એમ બન્ને બાબતો ને, સમાવિષ્ટ કરી અને અપાયેલ છે. આ બાબત પણ વીજકંપની ના નિયમાધીન યોગ્ય ન હોવા નુ અરજદાર શ્રી એ ફોરમ કમિટી ને જણાવેલ છે. તેમજ, પીજીવીસીએલ તરફથી અપાયેલ સવાલવાળા પુરવણીબીલ ( એટલેકે ધીમાપણા ના અને ક્ષતિગ્રસ્ત મીટરના બન્ને કારણોસર ની ગણતરીએ અપાયેલ પુરવણીબીલ ) ની, માહે નવેમ્બર –૧૫ થી માહે જુલાઈ–૧૬ સુધી ની ધીમાપણા ની ગણતરી નુ, પ્રત્યેક માસ / દિવસો વાઈઝ નુ ગણતરીપત્ર, તેમજ તા.૧૪ –૦૮–૧૬ થી તા.૧૫–૦૯–૧૬ સુધીના – માહે ઓગષ્ટ–૧૬ ના – ફોલ્ટી મીટર સ્ટેટસ સરેરાશ યુનીટ ના સમયગાળા નુ, દિવસો વાઈઝ ગણતરીપત્રક તેઓ શ્રી ને અપાયેલ નથી. |

| | |
|---|---|
| **૧.૫** | વિશેષમા, અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના જોડાણ નુ, માહે ઓગષ્ટ–૧૬ નુ, જે ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, જે તા.૧૩–૦૮–૧૬ ના રોજ, ૧૪૭૭૦ યુનીટ નુ ગણતરીનુ જે વીજબીલ અપાયેલ છે, તે માહે ઓગષ્ટ–૧૬ ના વીજબીલ નો સમયગાળો, જે તા.૧૪–૦૮–૧૬ થી તા.૧૫–૦૯–૧૬ સુધીના ૩૩ દિવસ નો છે. આ સમયગાળા દરમ્યાન, પીજીવીસીએલ ના જણાવ્યા મુજબ નુ ધીમાપણા હેઠળ નુ મીટર, જે તા.૧૪–૦૮–૧૬ થી તા.૧૮–૦૮–૧૬ સુધીના ૦૫ દિવસ માટે હૈયાત હતુ. જુના સવાલવાળા ધીમાપણા ના છેલ્લા રીડીગ ૬૪૭૮૨૩ ની ગણતરીએ થતા ૧૯૭૭ યુનીટ ( હાલ ના ૬૪૭૮૨૩ – પાછલા ૬૪૫૮૪૬ =૧૯૭૭ યુનીટ), જે ધીમાપણા ના ૧૯૭૭ યુનીટ, તથા નવુ મીટર તા.૧૯–૦૮–૧૬ થી તા.૧૫–૦૯–૧૬ સુધીના ૨૮ દિવસ માટે હૈયાત હતુ.જેથી, માહે ઓગષ્ટ–૧૬ નુ વીજબીલ, જે કુલ ૨૮ દિવસ માટે નવા મીટર મા નોંધાયેલ ખરેખર યુનીટ મુજબ આપવુ જરૂરી છે. આમ, માહે ઓગષ્ટ–૧૬ નુ વીજબીલ, જે સંપૂર્ણ ૩૩ દિવસ માટે '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' હેઠળ ની સરેરાશ ના ૧૪૭૭૦ યુનીટ ની ગણતરીએ આપવાને બદલે, ૦૫ દિવસ માટે સ્લોનેશ મીટર મુજબ, તેમજ ૨૮ દિવસ માટે, નવા મીટર મા નોંધાયેલ ખરેખર વાસ્તવિક યુનીટ મુજબ – ની વિભાજીત ગણતરીએ બનાવવાની બાબત નિયમાધીન હોવા છતા, પીજીવીસીએલ તરફથી માહે ઓગષ્ટ–૧૬ ના વીજબીલ ની ગણતરી આ મુજબ થયેલ નથી. |
| **૧.૬** | તેમજ, વિશેષમા, ફરીયાદી અરજદાર શ્રી, ફોરમ કમિટી નુ ખાસ ધ્યાન દોરી અને જણાવે છે કે, '' પીજીવીસીએલ ના જણાવ્યા મુજબ – તેમનુ સવાલવાળુ મીટર, જે માહે નવેમ્બર –૧૫ થી માહે જુલાઈ–૧૬ ના કુલ ૦૯ માસ માટે – બીફેઇઝ પીટી મીસીગ ના કારણોસર, ૩૩% ધીમુ ફરતુ જણાયેલ હોય", જો આમ હોય તો, સદર મીટર ના ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. અહેવાલ મા, દર્શાવ્યા '' સદર મીટર નો બી–ફેઇઝ– જે સવાલવાળા કુલ ૦૯ માસ ના સમયગાળા દરમ્યાન સંપૂર્ણ પણે મીસીગ (૦૦ વોલ્ટેજ) થયેલ નથી. સમયાંતરે જ મીસીગ (૦૦ વોલ્ટેજ) થયેલ છે. આમ,સદર ૦૯ માસ ના સમયગાળા ના કુલ દિવસો માહેના, ઘણા જ ઓછા દિવસો માટે, સંપૂર્ણ પણે મીસીગ (૦૦ વોલ્ટેજ) થયેલ છે.'' તેમ હોવા છતા પણ, '' સવાલવાળા ૦૯ માસ ના સમયગાળા ના સંપૂર્ણ દિવસો ને, બી–ફેઇઝ સંપુર્ણ મીસીગ '' હેઠળ આવરી લઈ અને, તે મુજબ ની ૦૯ માસ ના સમયગાળા ના સંપૂર્ણ દિવસો ની, ૩૩% ધીમા પણા ની ગણતરી હેઠળ, સવાલવાળુ મીટર ધીમાપણા નુ વીજબીલ બનેલ છે. આ બાબત નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ન હોય, અરજદાર શ્રી એ, સદર ૦૯ માસ ના સમયગાળા માહે ના, કુલ દિવસો માથી, જે દિવસો મા સંપૂર્ણ દિવસો દરમ્યાન બી–ફેઇઝ મીસીગ જણાયેલ હોય, તે મુજબ ના સંપૂર્ણ મીસીગ ના કુલ દિવસો ની ગણતરીએ જ, સવાલવાળુ મીટર ધીમાપણા નુ પુરવણીબીલ બનાવવા માટે, ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**<u>મુદદા નં.–૨ :</u>** **<u>પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત</u>**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચાઓ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર શ્રી ના ઓદ્યોગીક વીજજોડાણ નં.:૩૫૫૦૧/૦૦૦૯૬/૨ (૩૪.૫ કીવો) આઈસ ફેકટરી હેતુ વાળા જોડાણ મા પીજીવીસીએલ તરફથી, જોડાણ ના સવાલવાળા એલએન્ડટી કંપની ના મીટર નં.: ૦૬૫૭૭૪૩૫ ને, પીજીવીસીએલ ની સબંધક માણાવદર પેટા વિભાગીય કચેરી નં.–૧, તરફથી ૧૯–૦૮–૧૬ ચેકીગ શીટ નં. જેએનડી ૧૨૭૫૩ થી સ્થળ ચકાસણી કરવામા આવેલ હતુ. આ સ્થળ ચકાસણી સમયે, '' મીટર મા ડિસ્પ્લે ડીસ એપીયર '' જણાયેલ હોવાથી, છેલ્લા રીડીગ મળેલ ન હતા. અને જોડાણ મા ૨૬.૫ કીવો નો વીજભાર જોડાયેલ હતો. તે મુજબ ની તા.૧૯–૦૮–૧૬ની ચેકીગ શીટ મા નોંધ કરી, અને સદર મીટર ને, તા.૧૯–૦૮–૧૬ ના રોજ, પર્ફોમા –૧૫ નંબર: ૨૫૯૩૩ થી એમએમબી સાથે ઉતારી, અને પેપર પેક કરાયેલ હતુ. અને તા.૧૯–૦૮–૧૬ ના રોજ, નવુ સીક્યોર કંપની ના મીટર નં.: પીજી૦૬૮૨૪૭, જે શરૂઆતના ૦૦૦૦ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. |
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતેના, ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા એલએન્ડટી કંપની ના મીટર નં.: ૦૬૫૭૭૪૩૫ ને, પીજીવીસીએલ ની ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ ખાતે, તા.૨૭–૦૯–૧૬ ના રોજ અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન '' આર '' અને '' વાય '' ફેઇઝ ની પીટી મળતી હોવાની બાબત જણાયેલ હતી. જયારે, '' બી '' ફેઇઝ ની પીટી મળતી ન હોવાની બાબત જણાયેલ હતી. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર નો, બેટરી મોડ થી એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ કરાયેલ હતો. |
| **૨.૩** | ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતેના, લેબોરેટરી ચકાસણી દરમ્યાન ના એમ.આર.આઈ. અહેવાલ મા, તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના, કુલ ૦૯ માસ માટે, ''બી ફેઇઝ પીટી મીસીગ'' થતી હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. પરંતુ, તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે, ''બી ફેઇઝ પીટી મીસીગ'' એટલેકે વોલ્ટેજ / કરંટ – સંપુર્ણ સમયગાળા માટે, '' બીલકુલ મીસીગ – એટલેકે ૦૦ – વોલ્ટેજ / કરંટ'' જણાયેલ નથી. પરંતુ, '' આ સમયગાળા દરમ્યાન '' – ''બી ફેઇઝ પીટી '' મા, સમયાંતરે વોલ્ટેજ / કરંટ – જે અપુરતા પ્રમાણમા મળેલ છે. જેથી, અરજદાર શ્રી ને, આ તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે, '' ૩૩% મીટર ધીમાપણા'' નછી ગણતરી નુ સવાલવાળુ બીલ અપાયેલ છે. |

| | |
|---|---|
| **૨.૪** | તેમજ, ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતેના, ડાઉનલોડ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ મા, સદર મીટર તા.૦૧–૦૮–૧૬ થી મીટર ઉતાર્યા તા.૧૯–૦૮–૧૬ સુધીના કુલ ૧૯ દિવસો માટે ''દરેક ફેઇઝ મા– ૦૦ – વોલ્ટેજ / કરંટ '' બતાવતુ હતુ. આમ, તા.૦૧–૦૮–૧૬ થી તા.૧૯–૦૮–૧૬ સુધીના ૧૯ દિવસ સુધી – ત્રણેય ફેઇઝ મા વોલ્ટેજ / કરંટ ફેઈલ થવાથી, સદર મીટર બીલકુલ ક્ષતિગ્રસ્ત થયેલ હતુ. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ને માહે ઓગષ્ટ–૨૦૧૬ નુ , તેમજ માહે સપ્ટેમ્બર–૨૦૧૬ નુ, એક કુલ ૦૨ બીલો, જે ક્ષતિગ્રસ્ત મીટર હેઠળ ના, પ્રત્યેક એવા સરેરાશ ૧૪૭૭૦ યુનીટ ની ગણતરી મુજબ ના અપાયેલ છે. |
| **૨.૫** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતેના, ૦૯ માસ ના સમયગાળા માટે, અરજદાર શ્રી ને, ૩૩% મીટર ધીમાપણા ની ગણતરી મુજબ નુ, અને ઉપરોક્ત મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતેના, '' ફોલ્ટી મીટર સ્ટેટસ મુજબ '' માહે ઓગષ્ટ–૧૬ અને માહે સપ્ટેમ્બર–૨૦૧૬ ના ૦૨ માસ ના બીલો, જે પ્રત્યેક એવા સરેરાશ ૧૪૭૭૦ યુનીટ ની ગણતરી મુજબ ના અપાયેલ છે. તે બન્ને બીલો, જે – પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના, અનુક્રમે મુદદા નં.૬.૩૩ (મીટર ધીમાપણુ) અને મુદદા નં.૬.૫૮ (ક્ષતિગ્રસ્ત મીટર ) મા કરાયેલ જોગવાઈ મુજબ ના જ હોય, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ આ મુજબ નુ મંતવ્ય રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ મૌખીક ચર્ચાઓ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ એલએન્ડટી કંપની ના મીટર નં.: ૦૬૫૭૭૪૩૫, જે તા.૧૯–૦૮–૧૬ ના રોજ, '' ડીસ્પ્લે ડીસ એપીયર '' ની સ્થિતીએ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. અને મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર આંશીક ક્ષતિગ્રસ્ત જણાતા, સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ કરાયેલ હતો. |
| **૩.૨** | ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ના, ડાઉનલોડ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ મા, તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના, કુલ ૦૯ માસ માટે, ''બી ફેઇઝ પીટી મીસીગ'' થતી હોવાની બાબત પીજીવીસીએલ ને જણાયેલ હતી. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૩ મુજબ ની વિગતે, સદર મીટર મા તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે, ''બી ફેઇઝ પીટી મીસીગ'' એટલેકે વોલ્ટેજ / કરંટ – સંપુર્ણ સમયગાળા માટે, '' બીલકુલ મીસીગ – એટલેકે ૦૦ – વોલ્ટેજ / કરંટ'' પીજીવીસીએલ ને જણાયેલ નથી. પરંતુ, '' આ સમયગાળા દરમ્યાન '' – ''બી ફેઇઝ પીટી '' મા, સમયાંતરે વોલ્ટેજ / કરંટ – જે અપુરતા પ્રમાણમા મળેલ હોવાની બાબત, પીજીવીસીએલ માટે સ્પષ્ટ થયેલ હતી. આમ, સદર મીટર મા, તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે, ''બી ફેઇઝ પીટી મીસીગ'' ખરેખર '' ૦૦ – વોલ્ટેજ / કરંટ '' ન હોવા છતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ''બી ફેઇઝ પીટી મીસીગ'' ને, '' ૦૦ – વોલ્ટેજ / કરંટ '' ગણીને, ૩૩% ધીમાપણુ નકકી કરીને, અરજદાર શ્રી ને, આ તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે, '' ૩૩% મીટર ધીમાપણા'' ની ગણતરી નુ સવાલવાળુ બીલ અપાયેલ છે. તે પીજીવીસીએલ પક્ષકાર ની સદર બાબત – જે'' ૩૩% મીટર ધીમાપણુ'' નકકી કરવાની બાબત – જે રેકર્ડ આધારીત એટલેકે એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ,''બી ફેઇઝ પીટી મીસીગ'' મા '' ૦૦ – વોલ્ટેજ / કરંટ '' ન હોવા છતા – જે નકકી કરી અને, મીટર ધીમાપણા ની કાર્યવાહી અન્વયે નુ અરજદાર ને અપાયેલ સવાલવાળુ, '' ૦૯ માસ માટે '' નુ ૩૩% ધીમાપણા ની ગણતરી નુ, સદર વીજબીલ – જે ખરેખર રેકર્ડ આધારીત સમર્થન મુજબ ની ન હોય – ફોરમ કમિટી તરફથી, નિયમાધીન માન્ય રહેલ નથી. આ ૦૯ માસ ના સમયગાળા દરમ્યાન, બી ફેઇઝ પીટી સંપુર્ણ મીસીગ ( ૦૦ – વોલ્ટેજ/ કરંટ ) નથી, પરંતુ, સદર સમયગાળા દરમ્યાન, સમયાંતરે ( ૬૦ થી ૧૦૦ સુધી ના વોલ્ટેજ / કરંટ) – જે અપુરતા પ્રમાણમા, વોલ્ટેજ બી ફેઇજ મા મળેલ છે. તે બાબત ને લઈને, મીટર ને ધીમુ ફરતુ જાહેર ન કરી શકાય. પરંતુ, આંશીક રીતે ક્ષતિગ્રસ્ત જાહેર કરી શકાય. તે મુજબ, સદર ૦૯ માસ માટે, સદર મીટર ક્ષતિગ્રસ્ત હોવાની બાબત ને, રેકર્ડ આધારીત રીતે સમર્થન મળેલ છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ ૦૯ માસ માટે નુ, ૩૩% મીટર ધીમાપણા નુ બીલ, ફોરમ કમિટી તરફથી માન્ય રાખવા માટે નો કોઈ રેકર્ડ આધારીત સમર્થન ન હોય, સદર ૩૩% મીટર ધીમાપણા નુ ૦૯ માસ માટે નુ બીલ, ફોરમ કમિટી તરફથી માન્ય રહેલ નથી. |

| | |
|---|---|
| <u>૩.૩</u> | તદ ઉપરાંત, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ના, ડાઉનલોડ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ મા, સદર મીટર , જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતે, તા.૦૧–૦૮–૧૬ થી તા.૧૯–૦૮–૧૬ સુધીના ૧૯ દિવસ સુધી – ત્રણેય ફેઇજ મા વોલ્ટેજ / કરંટ ફેઈલ થવાથી, સદર મીટર બીલકુલ ક્ષતિગ્રસ્ત કરાયેલ છે. સદર બાબત રેકર્ડ આધારીત હોય, ફોરમ કમિટી માન્ય રાખે છે. |
| <u>૩.૪</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૨ અને ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે,સદર મીટર, જે તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે અને ત્યારબાદ, તા.૦૧–૦૮–૧૬ થી મીટર ઉતાર્યા તા.૧૯–૦૮–૧૬ સુધી, એમ તા.૦૨–૧૧–૧૫ થી મીટર ઉતાર્યા તા.૧૯–૦૮–૧૬ સુધી સંપુર્ણ સમયગાળા દરમ્યાન, સદર મીટર ક્ષતિગ્રસ્ત હોવા ના, કારણો ને, એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ વિગતો આધારીત એવુ દસ્તાવેજીક સમર્થન મળેલ છે. ફોરમ કમિટી દ્વારા, સદર મીટર ને આ સંપુર્ણ સમયગાળા દરમ્યાન, '' મીટર ધીમાપણુ નહી, પરંતુ મીટર ક્ષતિગ્રસ્ત '' હોવાની રેકર્ડ આધારીત બાબત ને માન્ય રાખીને, સદર મીટર ને ક્ષતિગ્રસ્ત જાહેર કરેલ છે. |
| <u>૩.૫</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર મીટર, જે એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ રેકર્ડ આધારીત બાબતો અન્વયે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય – ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા દરમ્યાન– પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૬.૫૮ (ક્ષતિગ્રસ્ત મીટર ) મા કરાયેલ જોગવાઈ મુજબ, સવાલવાળુ મીટર ઉતાર્યા તારીખ : ૧૯–૦૮–૧૬ પહેલાના વધુમા વધુ –૦૩ બીલો, જે જોડાણ મા સ્થપાયેલ, ઉચ્ચતમ વીજવપરાશી યુનીટ ના ધોરણે, સરેરાશ યુનીટ મુજબ આપવાની, પીજીવીસીએલ ના નિયમાધીન જોગવાઈ છે. |
| <u>૩.૬</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૫ મા વર્ણવ્યા મુજબ ની વિગતેની, નામદાર જીઈઆરસી ની જોગવાઈઓને, આનુષાંગીક રહીને – અરજદાર શ્રી ના સદર જોડાણ મા, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના, કુલ ૦૩ બીલો, જે અનુક્રમે (૧) તા.૧૪–૦૬–૧૬ ના રોજ અપાયેલ માહે જુન–૧૬ નુ બીલ, જે ૧૪૭૭૦ ફોલ્ટી મીટર સરેરાશ યુનીટ (૨) તા.૧૪–૦૭–૧૬ ના રોજ અપાયેલ માહે માહે જુલાઈ–૧૬ નુ બીલ, જે ૧૪૭૭૦ ફોલ્ટી મીટર સરેરાશ યુનીટ અને (૩) તા.૧૩–૦૮–૧૬ ના રોજ અપાયેલ માહે ઓગષ્ટ–૧૬ નુ બીલ. જે ૧૪૭૭૦ ફોલ્ટી મીટર સરેરાશ યુનીટ ના ધોરણે, આપવાની બાબત ફોરમ કમિટી ને નિયમાધીન યોગ્ય જણાયેલ છે. આમ થતા, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી અગાઉ અપાયેલ સવાલવાળુ (૧) તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે, '' ૩૩% મીટર ધીમાપણા'' ની ગણતરી નુ પુરવણીબીલ રદબાતલ થવાને પાત્ર છે. તેમજ, માહે સપ્ટેમ્બર–૧૬ મા નવુ મીટર – જે તા.૧૯–૦૮–૧૬ થી હૈયાત હતુ. જેથી, માહે સપ્ટેમ્બર–૧૬ દરમ્યાન, હૈયાત મીટર મા, તા.૧૯–૦૮–૧૬ થી બીલીગ તા.૧૫–૦૯–૧૬ સુધી ના ખરેખર, નવા મીટર મા નોંધાયેલ રીડીગ મુજબ નુ વીજબીલ બનશે. જયારે, આ સમયગાળા મા અગાઉ પીજીવીસીએલ તરફથી અપાયેલ, માહે સપ્ટેમ્બર–૧૬ નુ – સરેરાશ ૧૪૭૭૦ યુનીટ ની ગણતરીએ અપાયેલ ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ બીલ પણ, રદબાતલ થવાને પાત્ર છે. સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી આ મુજબ ની કાર્યવાહી હાથ ધરવાનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧,૩.૨, ૩.૩, ૩.૪ અને ૩.૫ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, ફરીયાદી અરજદાર શ્રી ને અગાઉ પીજીવીસીએલ તરફથી અપાયેલ, સવાલવાળુ (૧) તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટે, '' ૩૩% મીટર ધીમાપણા'' ની ગણતરી નુ પુરવણીબીલ રદબાતલ થવાને પાત્ર છે. તેમજ, માહે સપ્ટેમ્બર–૧૬ મા અપાયેલ – સરેરાશ ૧૪૭૭૦ યુનીટ ની ગણતરીએ અપાયેલ ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ બીલ પણ, રદબાતલ થવાને પાત્ર હોય, સદર બીલીગ રદબાતલ કરવાનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |
| <u>૪.૨</u> | આમ, ઉપરોક્ત મુદદા નં.૪.૧ મુજબ ની વિગતેના, તા.૦૨–૧૧–૧૫ થી તા.૩૧–૦૭–૧૬ સુધી ના કુલ ૦૯ માસ માટેનુ, પીજીવીસીએલ તરફથી અગાઉ અપાયેલ, સવાલવાળુ ૩૩% મીટર ધીમાપણા ની ગણતરી નુ પુરવણીબીલ રદબાતલ થશે. પરંતુ, સદર તા.૦૨–૧૧–૧૫ થી તા.૧૪–૦૫–૧૬ સુધી ના સમયગાળા ના (૧) તા.૧૮–૧૧–૧૫ ના રોજ ના માહે નવેમ્બર –૧૫ ના, ૫૬૦૦ યુનીટ નુ બીલ (૨) તા.૧૬–૧૨–૧૫ ના રોજ ના માહે ડિસેમ્બર–૧૫ ના ૩૬૧૦ યુનીટ નુ બીલ (૩) તા.૧૪–૦૧–૧૬ ના રોજ ના માહે માહે જાન્યુઆરી–૧૬ ના ૨૭૩૦ યુનીટ નુ બીલ (૪) તા.૧૩–૦૨–૧૬ ના રોજ ના માહે ફેબ્રુઆરી–૧૬ ના ૩૪૫૦ યુનીટ નુ બીલ (૫) તા.૧૨–૦૩–૧૬ ના રોજ ના માહે માર્ચ–૧૬ ના ૭૩૬૦ યુનીટ નુ બીલ (૬) તા.૧૨–૦૪–૧૬ ના રોજ ના માહે માહે એપ્રીલ –૧૬ ના ૧૩૦૧૦ યુનીટ નુ બીલ (૭) તા.૧૬–૦૫–૧૬ ના રોજ ના માહે મે – ૧૬ ના ૨૦૮૯૦ યુનીટ નુ બીલ, એક કુલ અગાઉ અપાયેલ ૦૭ બીલો મા કોઈ ફેરફાર કરવાનો રહેશે નહી. પરંતુ, જુન–૧૬ થી માહે ઓગષ્ટ–૧૬ સુધી ના ૦૩ બીલો ને, નીચે વર્ણવ્યા મુજબ ના મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે રીવાઇઝ કરવાના રહેશે. |

| | |
|---|---|
| <u>૪.૩</u> | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ અને ૪.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ મા, પીજીવીસીએલ તરફથી અગાઉ અપાયેલ, તા.૦૨- ૧૧–૧૫ થી, માહે સપ્ટેમ્બર–૧૬સુધીના, સવાલવાળા તમામ પુરવણીબીલો રદ થતા – હવે અરજદાર શ્રી ને, તેમના સદર જોડાણ મા – ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના, કુલ ૦૩ બીલો, જે અનુક્રમે (૧) તા.૧૪–૦૬–૧૬ ના રોજ અપાયેલ માહે જુન–૧૬ નુ બીલ, જે ૧૪૭૭૦ ફોલ્ટી મીટર સરેરાશ યુનીટ (૨) તા.૧૪–૦૭–૧૬ ના રોજ અપાયેલ માહે માહે જુલાઈ–૧૬ નુ બીલ, જે ૧૪૭૭૦ ફોલ્ટી મીટર સરેરાશ યુનીટ અને (૩) તા.૧૩–૦૮–૧૬ ના રોજ અપાયેલ માહે ઓગષ્ટ–૧૬ નુ બીલ, જે ૧૪૭૭૦ ફોલ્ટી મીટર સરેરાશ યુનીટ ના ધોરણે જ – રીવાઇઝ મુજબ આપવાના રહેશે. અને અગાઉ અપાયેલ, આ ૦૩ બીલો ના અગાઉ ના સમયગાળા મા – અરજદાર શ્રી એ, જે કઈ રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ હોય તો – તે રકમ બાદ કરી ને જ, બાકી રહેતી રકમ જ, અરજદાર શ્રી પાસેથી વસુલ કરવા બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ)**, ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" **સમક્ષ લેખિત અપીલ** અરજી કરી શકાય છે. **અપીલ અરજી જો નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર રકમના **૩૩% રકમ પીજીવીસીએલમાં** વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં **થવો જરૂરી છે..**